# –: અઝાબ :–

તાજદારે યમન, અદ્દાઈયુલ અલ્લામહ સૈયદના હાતિમ બિન સૈયદના ઈબ્રાહીમ અલ-હામેદી (આ.કુ.) આપની આલી કદર મજલિસોના મજમૂઆમાં બયાન ફરમાવે છે કે, રિસાલત મઆબ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.) ના એક સવાલનો જવાબ આપતા ફરમાવું કે, **"અય અબલ હસન ! આપે મને ઘણા મોટા અમર અને ભારી અલમનાક ચીઝનો સવાલ કીધો છે."** તે પછી આપ (સ.અ.વ.વ.) ની બેવે આઁખો માંથી આઁસૂ ટપકવા લાગા અને આપે આબ-દીદહ (ચશ્મે નમ) થઈને ઈરશાદ કીધો કે, "અય અલી, મારી ઉમ્મતમાંથી **દસ કિસ્મના લોગો** યૌમે કયામત ફૌજ દર ફૌજ જુદી-જુદી તરહથી લાવવામાં આવશે. આ તમામ લોગોને અલ્લાહ વહદહુ લાશરીકે મુમેનીનની જમાઅતથી અલગ કીધા હશે. આ અલગ-અલગ કિસ્મોના લોગોની સૂરતો-શિક્લો બદલી નાખવામાં આવશે."

(૧) કેટલાક વાંદરાઓની સૂરતના હશે.
(૨) કેટલાક ખિન્ઝીરો (ભૂંડો) ની શિક્લના હશે.
(૩) કેટલાક એવા હશે જેના પગો એના માથાઓ તરફ હશે અને એના માથાઓ નીચે પગો તરફ લટકતા હશે અને આ લોગો ઘસીટવામાં આવશે.
(૪) કેટલાક નાબીના (આંધલા) હશે જેઓ આમ-તેમ એકબીજા સાથે ટકરાતા હશે.
(૫) કેટલાક ગુંગા-બેહરા હશે જેઓને કઈ સમઝ નહીં હોય.
(૬) કેટલાક એવા હશે જેઓ પોતાની ઝબાન ચબાવતા હશે અને ઝબાનો તેઓના સીના તક લટકતી હશે અને મૂઁહથી પીપ અને રાલ વહેતી હશે.
(૭) કેટલાક એવા હશે જેઓના હાથ અને પગ કાપી નાખવામાં આવા હશે.
(૮) કેટલાક એવા હશે જેઓને આગની પાટો પર સૂલી એ ચઢાવવામાં આવા હશે.
(૯) કેટલાક એવા હશે જે મુડદાઓ કરતા પણ ઝિયાદહ બદબૂદાર હશે, ગંધાતા હશે.
(૧૦)કેટલાક એવા હશે જેઓને ડામરના જુબ્બાઓ પહેરાવવામાં આવા હશે, જે જુબ્બાઓ તેઓના બદનો પર ચીપકેલા હશે અને સાંકલોથી ખેંચવામાં આવશે.

તે બાદ નબીએ કરીમ (સ.અ.વ.વ.) એ આ દસ કિસ્મના લોગોની આ મુજબની હૌલનાક અને તઅજ્જુબખૈઝ હાલતની વઝાહત કીધી અને ફરમાવું કે,

(૧) જેઓ વાંદરાઓની સૂરતવાલા છે તેઓ ચુગલખૌર ગીબત કરવાવાલાઓ છે.
(૨) જેઓ ખિન્ઝીરો (ભૂંડો) ની શિકલના છે તેઓ માલમાં ચોરી કરનારાઓ અને હરામ ખાનારાઓ છે.
(૩) જેઓના પગો અને માથાઓ એની અસલી જગા પર નથી તેઓ યતીમનો માલ અને વ્યાજ ખાનારાઓ છે.
(૪) જેઓ નાબીના (આંધલા) છે તેઓ બીજા ગરીબો પર જૌરો ઝુલ્મ કરવાવાલા અને નાહક્ક પરૈશાન કરવાવાલા છે.
(૫) જેઓ ગુંગા-બેહરા છે તે શૈખી મારનાર અને ડીંગ હાંકનારાઓ છે.
(૬) જેઓ પોતાની ઝબાનોને ચાવે છે તેઓ ગુમ્રાહીની વાત કરનારા આલિમો છે જેમનો અમલ એના કૌલને ખિલાફ હોય.
(૭) જેઓના હાથ-પગ કપાયેલા છે તેઓ પડોશીઓને ઈઝા અને તકલીફ આપનારાઓ છે.
(૮) આગની પાટો પર સૂલીવાલાઓ તેઓ છે જે દૌલત પરસ્તો, શેહવત પરસ્તો, શરીઅતને ખિલાફ અમલ કરનારાઓ, પોતાના માલમાંથી અલ્લાહે ફરઝ કીધેલા હુકૂકને નહીં નીકાલનારાઓ છે.
(૯) જેઓને ડામરના જુબ્બા પહેરેલા છે તેઓ ઘમંડીઓ અને તકબ્બુરી કરનારાઓ છે.
(૧૦)જેઓ ગંદા બદબૂદાર છે તે જૂઠ બોલનાર અને ઈલ્ઝામ લગાડનારાઓ છે. ★